Divyabhakar (Suppl.: Citybhaskar)

EDII

March 12, 2025
Pg.9

### EDII અને HSBC દ્વારા ઈન્ડસ્ટ્રી રાઉન્ડ-ટેબલ મીટનું આયોજન કરાયું

# નેચરલ પ્રિન્ટ, ડાયવાળી પ્રોડક્ટ્સ રજૂ કરીને 19 વણકરે સસ્ટેનેબિલિટીને પ્રોત્સાહન આપ્યું

**ગાંધીનગરઃ** EDII અને હોંગકોંગ એન્ડ શાંઘાઈ બેંકિંગ કોર્પોરેશન દ્વારા કાર્યરત પ્રોજેક્ટ 'હેન્ડમેડ ઈન ઈન્ડિયા' (HMI) હેઠળ એક ઈન્ડસ્ટ્રી રાઉન્ડ-ટેબલ મીટ અને લીડરશિપ સેમિનાર યોજાયો. દેશના હસ્તકલા ક્ષેત્રમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે સંવાદને પ્રોત્સાહન આપવા કાર્યક્રમ યોજાયો. ગુજરાતના ભુજ અને તામિલનાડુના ઈરોડના વણકરોની વૈવિધ્યસભર કલાત્મકતા દર્શાવતું એક્ઝિબિશન મુખ્ય આકર્ષણ હતું.

કુલ 19 વણકરોએ બાંધણી, બાટિક, બ્લોક પ્રિન્ટથી લઈ અપસાયકલ પ્રોડક્ટ્સ, અજરખ, નેચરલ ડાય પ્રોડક્ટ્સ, સિલ્ક સાડી અને અન્ય વસ્તુઓ સહિતની હસ્તકલા કૃતિઓનું પ્રદર્શન કર્યું. સેમિનારમાં સરકારી એજન્સી, NGO, ડિઝાઈન ઈન્સ્ટિટ્યૂશન્સ, ક્રાફ્ટ આંત્રપ્રિન્યોર્સ, નેચરલ ડાય સપ્લાયર્સ, વણકરો અને કારીગરો સહિત વિવિધ સ્ટેકહોલ્ડર્સ જોડાયા. ડિસ્કશન 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને સસ્ટેનેબલ ક્રાફ્ટ માટે ટેકનોલોજીઃ નવા આંત્રપ્રિન્યોર્સને જોડવા' થીમ પર આધારિત હતી.



### 40થી વધુ યુવાનોને આ કળાની ટ્રેનિંગ આપી છે

ટાંગલિયા કળા 700 વર્ષ જૂની છે. આ કળા સાથે મુખ્યત્વે સુરેન્દ્રનગરના ડાંગસિયા સમુદાયના લોકો જોડાયેલા છે. મને આ કળા મારા પિતા પાસેથી વારસામાં મળી છે. 1986માં વિવર્સ સર્વિસ સેન્ટરમાં શાલનો પ્રથમ ઓર્ડર મળ્યો અને બાદમાં કળાનો પ્રચાર થયો. ટાંગલિયા કળા GI ટેગ ધરાવે છે. કળા સાથે 40થી વધુ વર્ષોથી જોડાયેલો છું, હું જાતે પ્રોડક્ટ્સ બનાવું છું, તેમજ 40થી વધુ યુવાનોને આ કળાની ટ્રેનિંગ આપી છે. મેં એક સેન્ટર બનાવ્યું છે, જેમાં 12 વણકરો જોડાયેલા છે અને રોજગારી મેળવે છે. અમે EDII થકી નેચરલ ડાઈંગ, ડિજિટલ માર્કેટીંગ વિશે ટ્રેનિંગ મેળવી છે. >> લવજીભાઈ પરમાર